## પ્રકરણ : ૨૨

# સિદ્ધના ગુણો

**પ્રકરણની રૂપરેખા**

- પ્રાસ્તાવિક
- **સિદ્ધના અનેક ગુણો બતાવનારા અનેક નામો**
- **સિદ્ધના આઠ મહાગુણો**
- **સિદ્ધના છ આત્યંતિક ગુણો**
- ઉપસંહાર

(હરિગીત)

જે અષ્ટ કર્મ વિનષ્ટ, અષ્ટ મહાગુણે સંયુક્ત છે,
શાશ્વત, પરમ ને લોક અગ્ર બિરાજમાન શ્રી સિદ્ધ છે.

ભાવાર્થ : **આઠ કર્મોના બંધનો નષ્ટ થવાથી પ્રગટતા આઠ મહાગુણો સહિત છે એવા સિદ્ધ પરમાત્મા લોકના અગ્ર ભાગે શાશ્વતપણે બિરાજમાન હોય છે.** (નિયમસાર: ગાથા ૭૨)

સમસ્ત આઠેય પ્રકારના કર્મોના નાશથી પ્રગટ થતા આઠ મહાગુણો સહિતના મોક્ષપ્રાપ્ત પરમાત્માએ પારમાર્થિક સર્વ કાર્યો સિદ્ધ કર્યા હોવાથી તેઓ સિદ્ધ ભગવાન તરીકે પ્રસિદ્ધ છે. આઠ પ્રકારના મહાગુણો એ સિદ્ધ ભગવાનનું લક્ષણ છે.

સાધુ પરમેષ્ઠિ ૨૮ મુળગુણના ધારક હોય છે અને તે ૨૮ મૂળગુણો એ સાધુનું લક્ષણ છે. તે રીતે આચાર્યના ૩૬ ગુણો છે. તીર્થંકર અરિહંતના ૪૬ ગુણો હોય છે. તો સિદ્ધના માત્ર ૮ ગુણો જ છે ? ના, ખરેખર તો સિદ્ધ ભગવંત અનંતાનંત ગુણોના ધારક છે. અને સમસ્ત કર્મોના અભાવથી આ ગુણો પ્રગટે છે. પરંતુ કર્મો આઠ પ્રકારના હોવાથી તેના અભાવથી પ્રગટ થતાં ગુણો પણ આઠ પ્રકારના કહેવાય છે. અને આ આઠ મહાગુણોમાં બીજા અનંતગુણો પણ સમાઈ જાય છે. સિદ્ધ ભગવાનના અનંત ગુણોના કારણે જ તેને અનંત નામોથી ઓળખાવી શકાય છે.

સિદ્ધ ભગવાન અને તેના ગુણોનું સ્વરૂપ વચનગોચર નથી. તોપણ મોક્ષમાર્ગી મહાત્માઓએ સ્વાનુભૂતિના આધારે સિદ્ધ ભગવાનના અનેક ગુણોના આધારે તેમના અનેક નામો, તેમના આઠ મહાગુણો, તેમના છ પ્રકારના આત્યંતિક ગુણોનું જે કથન કર્યું છે તે અહીં આપવામાં આવે છે.

## સિદ્ધના અનેક ગુણો બતાવનાર અનેક નામો

(અનુષ્ટપ)

**अर्हन्निति जगत्पूज्यो, जिनः कर्मारिशातनाम् ।**
**महादेवोधिदेवत्त्वात्, शङ्करोपि सुखावहात् ।।**
**विष्णुः ज्ञानेन सर्वार्थ, विस्तृत्त्वात् कथंचन् ।**
**ब्रह्मा बह्मज्ञरुपत्वात्, हरिः दुःखापनोदनात् ।।**

ભાવાર્થ : તે સિદ્ધ પરમાત્મા જગતપૂજ્ય હોવાથી **અર્હત** કહેવાય છે. કર્મશત્રુઓનો નાશ કરવાથી **જિન** કહેવાય છે. દેવાધિદેવ હોવાથી **મહાદેવ** કહેવાય છે. જગતના પ્રાણિઓને સુખદાયક હોવાથી **શંકર** કહેવાય છે. સંપૂર્ણ જ્ઞાન દ્વારા સંપૂર્ણ પદાર્થોમાં વ્યાપનારા હોવાથી **વિષ્ણુ** કહેવાય છે. બ્રહ્મસ્વરૂપ એટલે કે આત્મસ્વરૂપના જાણકાર હોવાથી **બ્રહ્મા** કહેવાય છે. દુઃખોના હરનારા હોવાથી **હરિ** કહેવાય છે.

(પંચાધ્યાયીઃ ઉત્તરાર્ધઃ ગાથા ૬૦૯-૬૧૦)

સિદ્ધ ભગવાનના ભિન્ન ભિન્ન અનેક ગુણોના આધારે તેઓ ભિન્ન ભિન્ન અનેક નામોએ ઓળખાય છે. સિદ્ધ ભગવાનના અનેક નામો પૈકી કેટલાક પ્રસિદ્ધ અને પ્રચલિત નામો ઉપરોક્ત ગાથાઓમાં અપાયેલાં છે. સૌધર્મ ઇન્દ્ર જિનેન્દ્ર ભગવાનની ૧૦૦૮ નામોથી સ્તુતિ કરે છે. તે સિદ્ધ ભગવાનને પણ લાગુ પડે છે.

સિદ્ધ ભગવાન અનેક ગુણોના ધારક છે. અનેક ગુણોના આધારે સિદ્ધ ભગવાન અનેક નામોથી ઓળખાય છે. સિદ્ધ ભગવાનના અનેક નામો તેના અનેક ગુણોને જ બતાવનારા છે. અહીં નમુનારૂપે સિદ્ધના ગુણો બતાવનારા તેના વધુ દશ નામો આ નીચે આપવામાં આવે છે.

**૧. પરમબ્રહ્મઃ** બ્રહ્મ નામ આત્મસ્વરૂપમાં સ્થિતિના કારણે ઉત્પન્ન આત્મિક આનંદની ઉત્કૃષ્ટતા અને તેથી થતી પરમ તૃપ્તિને **પરમબ્રહ્મ** કહે છે.

સિદ્ધ ભગવાન પરસંયોગ રહિત, સ્વસ્વભાવમાં સ્થિત, નિસ્તરંગ સમુદ્ર સમાન, સર્વપ્રકારની ઉત્સુકતાથી રહિત, સર્વથા કલેશવર્જિત, કૃતકૃત્ય, નિષ્કલંક, નિરાબાધ નિજ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન અતીન્દ્રિય આત્મિક આનંદામૃતથી અતિશય તૃપ્ત હોવાથી તેઓ પરમબ્રહ્મ છે.

**૨. પરમેશ્વર : ઐશ્વર્યથી યુક્ત હોય તેને ઈશ્વર કહે છે. ઈશ્વરમાં જે ઉત્કૃષ્ટ હોય તેને પરમેશ્વર કહે છે.**

સિદ્ધ ભગવાન અનંત ગુણોરૂપી ઐશ્વર્યથી ઉત્કૃષ્ટ હોવાથી પરમેશ્વર છે.

**૩. પરમેષ્ઠી : પરમપદમાં સ્થિત હોય તેને પરમેષ્ઠી કહે છે.**

સિદ્ધ ભગવંત પરમપદમાં સ્થિત હોવાને કારણે પરમેષ્ઠી છે.


**૪. પરમાત્મા : આત્મામાં જે ઉત્કૃષ્ટ અને ઉત્તમ હોય તેને પરમાત્મા કહે છે.**

સિદ્ધ ભગવાન સર્વ જીવોમાં સર્વોત્કૃષ્ટ અને સર્વોત્તમ હોવાથી પરમાત્મા છે.

**૫. પ્રભુ : મહાન સામર્થ્યના ધારક હોય એવા માલિકને પ્રભુ કહે છે.**

સિદ્ધ ભગવાન સંપૂર્ણ સામર્થ્યના ધારક એવા સર્વના સ્વામી હોવાથી પ્રભુ છે.

**૬. વિવિક્ત : કર્મમળથી રહિત હોય તેને વિવિક્ત કહે છે.**



સિદ્ધ ભગવાન જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મ, રાગાદિ ભાવકર્મ અને શરીરાદિ નોકર્મમળથી તદ્દન રહિત હોવાથી વિવિક્ત છે.

**૭. વૃષભ : વૃષ અર્થાત્ ધર્મથી સુશોભિત હોય તેને વૃષભ કહે છે.**

સિદ્ધ ભગવાન શુદ્ધ સ્વભાવના ધારક એવા ધર્મથી સુશોભિત હોવાથી વૃષભ છે.

**૮. કેવલ : નિર્મળ અને શુદ્ધ સ્વરૂપને કેવલ કહે છે.**

સિદ્ધ ભગવાનનું સ્વરૂપ સંપૂર્ણપણે નિર્મળ અને પરિપૂર્ણ શુદ્ધ હોવાથી તેઓ કેવલ કહેવાય છે.

**૯. શંભુ : સ્વયં સુખી અને બીજાના સુખના કારણ હોય તેને શંભુ કહે છે.**

સિદ્ધ ભગવાન સ્વયં શાશ્વત સંપૂર્ણ સુખને પ્રાપ્ત છે અને બીજાના સુખના પણ કારણભૂત છે. તેથી તેઓનું શંભુ નામ સાર્થક છે.

**૧૦. શ્રીમાન : સ્વરૂપ લક્ષ્મીથી શોભાયમાન હોય તેને શ્રીમાન કહે છે.**

સિદ્ધ ભગવાન અનંતાનંત ગુણોની સ્વરૂપ લક્ષ્મીથી સંપૂર્ણપણે શોભાયમાન હોવાથી શ્રીમાન છે.

## સિદ્ધના આઠ મહાગુણો

**सम्मत्तणाणदंसणवीरियसुहुमं तहेव अवगहणं ।**
**अगुरुलहुअव्वबाहं अट्ठगुणा होंति सिद्धाणं ।।**

**ભાવાર્થ :** ૧. પરમ ક્ષાયિક સમ્યક્ત્વ ૨. અનંતજ્ઞાન ૩. અનંત દર્શન ૪. અનંતવીર્ય ૫. સૂક્ષ્મત્વ ૬. અવગાહનત્વ ૭. અગુરુલઘુત્વ અને ૮. અવ્યાબાધત્વ એ આઠ મહાગુણો સિદ્ધોને હોય છે.

(વસુનંદી શ્રાવકાચારઃ ગાથા ૫૩૭)

દર છ મહિના ને આઠ સમયમાં છસો ને આઠ જીવ મોક્ષ પામતા હોવાથી અત્યાર સુધીમાં મોક્ષપ્રાપ્ત સિદ્ધ ભગવંતો અનંત છે. તોપણ તેના કરતાંય અનંતાનંતગુણા સંસારી જીવો છે. તેના કરતાંય અનંતગુણા પુદ્ગલના પરમાણુઓ છે તેના કરતાંય અનંતગુણા આકાશના પ્રદેશો છે. આકાશના પ્રદેશો કરતાંય અનંતગુણા એક આત્માના ગુણો છે. આ ગુણોને આવરનારા આઠ કર્મો છે. સિદ્ધ ભગવાનને આઠ કર્મોના અભાવથી આત્માના અનંતગુણોની પ્રગટતા હોય છે. તોપણ આઠ કર્મોના અભાવથી તે ગુણ સંબંધિત આઠ ગુણોની પ્રગટતા માનવામાં આવે છે. પરંતુ આ આઠ ગુણોમાં અન્ય અનેક ગુણો સમાઈ જતા હોવાથી આ આઠ ગુણોને આઠ મહાગુણો તરીકે ઓળખવામાં આવે છે. સિદ્ધ ભગવાનને આઠ પ્રકારના કર્મોના અભાવથી પ્રગટ થતા આઠ મહાગુણો આ પ્રમાણે છે —

૧. મોહનીયકર્મના અભાવથી **પરમ ક્ષાયિક સમ્યક્ત્વ**
૨. જ્ઞાનાવરણીયકર્મના અભાવથી **અનંતજ્ઞાન**
૩. દર્શનાવરણીયકર્મના અભાવથી **અનંતદર્શન**
૪. અંતરાયકર્મના અભાવથી **અનંતવીર્ય**
૫. નામકર્મના અભાવથી **સૂક્ષ્મત્વ**
૬. આયુકર્મના અભાવથી **અવગાહનત્વ**
૭. ગોત્રકર્મના અભાવથી **અગુરુલઘુત્વ**
૮. વેદનીયકર્મના અભાવથી **અવ્યાબાધત્વ**

ઉપરોક્ત દરેક ગુણની વ્યાખ્યા અને તેની સમજૂતી આ નીચે આપવામાં આવે છે.

### ૧. પરમ ક્ષાયિક સમ્યક્ત્વ

**આત્માને મોહિત કરનાર મોહનીયકર્મના આત્યંતિક અભાવથી ઉત્પન્ન થતા આત્માના મહાગુણને પરમ ક્ષાયિક સમ્યક્ત્વ કહે છે.**

આત્માના અનંત ગુણોને આવરનાર કર્મની પેટા પ્રકૃતિઓ અનંત પ્રકારે છે. અને તેની મૂળ પ્રકૃતિઓ આઠ પ્રકારે છે. આઠ પ્રકારના કર્મોમાં મુખ્ય મોહનીય કર્મ છે, જે આ સંસારનું મૂળભૂત કારણ છે.

મોહનીય કર્મ આત્માના અનંતગુણોને આવરનાર છે. અને આ કર્મના અભાવથી જ આત્માના અનંતગુણોની પ્રગટતા હોય છે.



મોહનીય કર્મ બે પ્રકારે છે. ૧. દર્શન મોહનીય અને ૨. ચારિત્ર મોહનીય. દર્શન મોહનીય કર્મના કારણે મિથ્યાત્વરૂપી મોહ હોય છે. અને ચારિત્ર મોહનીય કર્મના કારણે રાગ-દ્વેષ હોય છે. આત્માનું મોહિતપણું આ મોહ-રાગ-દ્વેષના કારણે હોય છે.આ મોહિતપણાનો અભાવ મોહનીય કર્મના અભાવથી હોય છે.

દર્શન મોહનીય કર્મના સંપૂર્ણ ક્ષયથી ઉત્પન્ન થતું ક્ષાયિક સમ્યક્ત્વ એકદમ નિર્મળ હોય છે. તેથી તેમાં આત્માના મોહિતપણાનો અભાવ હોય છે. તોપણ જ્યાં સુધી ચારિત્ર મોહનીયનો ઉદય હોય ત્યાં સુધી તે નિર્મોહપણું સંપૂર્ણ કે સ્થિર કહેવાતું નથી. ચારિત્રમોહનીયનો સર્વથા ક્ષય થવાથી પ્રગટ થતી અરિહંતદશામાં તે નિર્મોહપણું સ્થિર કે અચળ બને છે. અરિહંતદશામાં સવિકલ્પદશા એટલે કે સ્વરૂપની અસ્થિરતાનો અત્યંત અભાવ હોવાથી તે સમયના ક્ષાયિક સમ્યક્ત્વને અચળ ક્ષાયિક સમ્યક્ત્વ કહેવાય છે. અચળ ક્ષાયિક સમ્યક્ત્વના કારણે અરિહંત ભગવાનને અનંત સુખાદિ અનેક ગુણોની પ્રગટતા હોય છે.

અરિહંત દશામાં અઘાતિકર્મોનો પણ અભાવ થવાથી સિદ્ધ દશા પ્રગટે છે. સિદ્ધ દશામાં તે અચળ ક્ષાયિક સમ્યક્ત્વ અઘાતિકર્મોનો અભાવ થવાથી પરમ ક્ષાયિક સમ્યક્ત્વ નામ પામે છે. અરિહંત ભગવાનને જે અનંતસુખ હતું તે સિદ્ધ દશામાં અઘાતિકર્મોનો પણ અભાવ થવાથી હવે અનંત [૧]**અવ્યાબાધ** સુખ એવું નામ પામે છે. સિદ્ધ ભગવાનના પરમ ક્ષાયિક સમ્યક્ત્વમાં વેદનીય કર્મનો અભાવ હોવાથી આત્મિક સુખ અવ્યાબાધપણે પ્રગટે છે.

'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ' એ કથન અનુસાર આત્માનો સમ્યક્ત્વ ગુણ પ્રગટ થતાં જ આત્માના અનંતગુણોની આંશિક પ્રગટતા હોય છે. અરિહંતદશાના અચળ ક્ષાયિક સમ્યક્ત્વમાં અનુજીવી પ્રકારના અનંતગુણોની પરિપૂર્ણ પ્રગટતા હોય છે. સિદ્ધ દશાના પરમ ક્ષાયિક સમ્યક્ત્વમાં અનુજીવી ઉપરાંત પ્રતિજીવી પ્રકારના અનંતગુણોની પરિપૂર્ણ પ્રગટતા હોય છે.

તેથી સિદ્ધ ભગવાનના પરમ ક્ષાયિક સમ્યક્ત્વ ગુણમાં બીજાં બધાં જ ગુણો સમાય છે. આ ઉપરાંત ક્ષાયિક દાન, ક્ષાયિક લાભ, ક્ષાયિક ભોગ, ક્ષાયિક ઉપભોગ અને ક્ષાયિક વીર્ય એ પાંચ ક્ષાયિક લબ્ધિ તેમ જ દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય, સમ્યક્ત્વ, દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ નવ કેવલલબ્ધિ પણ તેમાં [૨]**ગર્ભિત** છે. આ રીતે સિદ્ધ ભગવાનનો પરમ ક્ષાયિક સમ્યક્ત્વ ગુણ જ બીજા અનેક ગુણોનું [૩]**નિકેતન** છે. આ પ્રકારનો પરમ ક્ષાયિક સમ્યક્ત્વ ગુણ એ સિદ્ધ ભગવાનનો સૌ પ્રથમ મહાગુણ છે.

### ૨. અનંતજ્ઞાન

**આત્માના જ્ઞાનને આવરનાર જ્ઞાનાવરણીય કર્મના અત્યંત અભાવથી ઉત્પન્ન થતા આત્માના ગુણને અનંતજ્ઞાન કહે છે.**


અરિહંત ભગવાનને પૂર્વે સાધક દશામાં અનુભવેલા નિર્વિકાર સ્વસંવેદનજ્ઞાનની પરિપક્વતાના પરિણામે જ્ઞાનાવરણીયકર્મ સર્વથા નાશ પામે છે. જ્ઞાનાવરણીયકર્મના અભાવના કારણે કેવળજ્ઞાનની ઉત્પત્તિ થાય છે. આ કેવળજ્ઞાનમાં સંપૂર્ણ લોકાલોક, તેના સંપૂર્ણ પદાર્થો, તેના સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાય, તેના ત્રિકાળવર્તીપર્યાયો અને [૪]**અવિભાગપરિચ્છેદો** સહિત [૫]**યુગપદ** [૬]**હસ્તામલકવત્** પ્રત્યક્ષ પ્રતિભાસે છે. તેથી આ કેવળજ્ઞાનને સર્વજ્ઞદશા પણ કહે છે. સર્વજ્ઞદશામાં અનંતાનંત પદાર્થો તેના અનંતાનંત વિશેષો સહિત એક સાથે જણાતા હોવાથી તેને અનંતજ્ઞાન પણ કહે છે. અરિહંત ભગવાનના અનંતજ્ઞાનમાં અઘાતિકર્મોનો ઉદય હોવાથી તે અનંતજ્ઞાન અવ્યાબાધ તરીકે ઓળખાતું નથી. પણ સિદ્ધ ભગવાનને અઘાતિકર્મોનો અભાવ હોવાથી તે અનંતજ્ઞાન

અવ્યાબાધપણે ઓળખાય છે. આ પ્રકારનું અનંતજ્ઞાન એ સિદ્ધ ભગવાનનો બીજો મહાગુણ છે.

### ૩. અનંતદર્શન

**આત્માના સંપૂર્ણ દર્શન કે કેવળદર્શનરૂપી સર્વદર્શીપણાને આવરનાર દર્શનાવરણીયકર્મના અત્યંત અભાવથી ઉત્પન્ન થતા આત્માના ગુણને અનંતદર્શન કહે છે.**

અરિહંત ભગવાને પૂર્વ સાધકદશામાં અનુભવેલા નિર્વિકલ્પ સ્વશુદ્ધાત્મ સત્તાના અવલોકનની એકાગ્રતાના પરિણામે દર્શનાવરણીયકર્મ સર્વથા ક્ષીણ થાય છે. તેના કારણે કેવળદર્શનની ઉત્પત્તિ થાય છે.



છદ્મસ્થદશામાં જ્ઞાન-દર્શન વારાફરતી અને ક્રમવર્તીહોય છે. પણ અરિહંતદશામાં તે જ્ઞાન-દર્શન એક સાથે અને અક્રમવર્તીહોય છે. તેથી અરિહંત ભગવાનને કેવળજ્ઞાનની સાથે જ કેવળદર્શન પણ હોય છે. કેવળદર્શનમાં પોતાના આત્મા અને અન્ય પદાર્થોનું સંપૂર્ણ સામાન્ય પ્રતિભાસ હોવાથી તે સર્વદર્શીપણામાં અનંતાનંત પદાર્થોનું અનંતાનંત સામાન્યપણું એક સાથે પ્રતિભાસતું હોવાથી તે અનંતદર્શન તરીકે ઓળખાય છે. સિદ્ધ ભગવાનને અઘાતિકર્મોનો પણ અભાવ હોવાથી આ અનંતદર્શન અવ્યાબાધપણે હોય છે. આ પ્રકારનું અનંતદર્શન એ સિદ્ધ ભગવાનનો ત્રીજો મહાગુણ છે.

### ૪. અનંતવીર્ય

**આત્માના શુદ્ધ સ્વરૂપની રચના કે પ્રગટતા કરવાના સામર્થ્યરૂપ આત્માના બળને વીર્યગુણ કહે છે. મોહનીયકર્મના સર્વથા અભાવથી પ્રગટ થતા આત્માના સંપૂર્ણ સ્વલક્ષી સવળા વીર્યને અનંતવીર્ય કહે છે.**

અરિહંત ભગવાને પૂર્વે મુનિદશામાં 'ક્ષપકશ્રેણીનું આરોહણ કરીને પોતાના ધ્રુવધામના ધ્યેયના ધ્યાનની જે ધીરજ અને ધગશપૂર્વક ધૂણી ધખાવી હતી તેના કારણે મોહનીયકર્મનો સર્વથા ક્ષય થવાથી અનંતવીર્યની પ્રગટતા હોય છે.

વીર્યાંતરાયકર્મના કારણે રૂંધાતો વીર્ય એ ઉત્સાહરૂપે હોય છે. અહીં વીર્ય એ આત્માનો પ્રયત્ન કે પુરુષાર્થ છે. આત્મા અને તેના દરેક ગુણનું કાર્ય આ પુરુષાર્થથી હોય છે. સંસાર દશામાં મોહનીયકર્મને વશ આ પુરુષાર્થ પરલક્ષી હોય ત્યારે અવળો કહેવાય છે. પરલક્ષી પુરુષાર્થ પરમાં કાર્યકારી ન હોવાથી તેનું અનંત બળ હણાઇ જાય છે. સંપૂર્ણ સ્વલક્ષી સવળા પુરુષાર્થથી અનંત બળની એટલે કે અનંતવીર્યની પ્રગટતા હોય છે.

અરિહંત ભગવાનને મોહનીયકર્મ ઉપરાંત વીર્યાંતરાયકર્મના અભાવના કારણે આત્માના કોઇ પણ કાર્યમાં કોઇ પણ પ્રકારની નિર્બળતા કે નિરુત્સાહિતા નજરે પડતી નથી. અનંતવીર્યના કારણે આત્માના અનંતાનંત ગુણો પોતાના અપરિમિત અનંત સામર્થ્યપૂર્વક પ્રગટ થાય છે. સિદ્ધ ભગવાનને અઘાતિકર્મોનો પણ અભાવ હોવાથી આ અનંતવીર્ય અવ્યાબાધપણે હોય છે. આવું અવ્યાબાધ આત્મિક અનંતવીર્ય એ સિદ્ધ ભગવાનનો ચોથો મહાગુણ છે.

અહિં સુધીના સિદ્ધ ભગવાનના ચાર મહાગુણો એ અનુજીવી પ્રકારના મહાગુણો છે. ઘાતિકર્મોના અભાવથી પ્રગટ થતા આત્માના ભાવસ્વરૂપી ગુણોને અનુજીવી ગુણો કહે છે. હવે પછીના ચાર મહાગુણો એ પ્રતિજીવી પ્રકારના છે. અઘાતિકર્મોના અભાવથી પ્રગટ થતા આત્માના અસલી મૂળ સહજ સ્વભાવને તેનો પ્રતિજીવી ગુણ કહે છે. અઘાતિકર્મોના અભાવથી પ્રગટ થતા આત્માના પ્રતિજીવી ગુણો પણ સદ્ભાવરૂપ છે.

### ૫. સૂક્ષ્મત્વ

**આત્માના અતીન્દ્રિય અમૂર્ત સૂક્ષ્મ સ્વભાવને આવરનારા નામકર્મના સંપૂર્ણ ક્ષયથી ઉત્પન્ન થતા આત્માના ગુણને સૂક્ષ્મત્વ કહે છે.**

મૂર્ત કે ઇન્દ્રિયગમ્ય પદાર્થો પૈકી જ કેટલાંક સ્થૂળ હોય છે. પણ અમૂર્ત કે અતીન્દ્રિય પદાર્થો બધાં સૂક્ષ્મ જ હોય છે. આત્મા પોતાના સ્વભાવથી અમૂર્ત અને અતીન્દ્રિય હોવાથી તે સૂક્ષ્મ છે. આત્મા સૂક્ષ્મ હોવાથી તે સૂક્ષ્મ પદાર્થને જાણનારા અતીન્દ્રિય જ્ઞાનથી જ જણાય એવો હોય છે. પોતાના સ્વભાવથી સૂક્ષ્મ હોવા છતાં સંસાર દશામાં આત્મા સ્થૂળ હોય છે. આ સ્થૂળતાનું કારણ શરીરનો સંયોગ છે અને શરીરનું કારણ નામકર્મ છે. નામકર્મના કારણે જીવનો સૂક્ષ્મત્વ સ્વભાવ 'પરાભવ પામીને શરીરના સંયોગે સ્થૂળ દશા ધારણ કરે છે.

ચૌદમા ગુણસ્થાનની અયોગી અવસ્થામાં શુકલધ્યાનની ચરમસીમાએ નામકર્મનો અભાવ થઇ આત્માની અશરીરી સિદ્ધ દશા પ્રગટ થાય છે. અશરીરી સિદ્ધ દશામાં આત્મા અમૂર્ત અને અતીન્દ્રિય હોય છે જે તેનું સૂક્ષ્મત્વપણું સૂચવે

છે. સૂક્ષ્મત્વ એ સિદ્ધ ભગવાનનો પાંચમો મહાગુણ છે.

### ૬. અવગાહનત્વ

**આત્માના એકબીજાને અવગાહન આપવાના ગુણને આવરનારા આયુકર્મના અત્યંત અભાવથી પ્રગટ થતા આત્માના ગુણને અવગાહનત્વ કહે છે.**

આત્મા પોતાના સ્વભાવથી સૂક્ષ્મ હોવાથી પરસ્પર અવકાશ આપવાનો અવગાહનત્વ ગુણ ધરાવે છે. અને તેના કારણે એક આત્મામાં બીજો આત્મા કોઇપણ અડચણ વિના એકબીજામાં પ્રવેશ પામી શકે છે. તોપણ સંસારદશામાં આત્માનો આ અવગાહનત્વગુણ અવરાઇ જાય છે. તેનું કારણ આયુકર્મ છે. આયુકર્મના કારણે આત્મા પોતાના શરીરમાં જકડાઇ રહે છે અને તેથી તે એકબીજાને અવગાહન આપવાનો ગુણ ગુમાવી દયે છે.

અરિહંત ભગવાન આયુકર્મ ક્ષીણ થવાથી અશરીરી સિદ્ધ દશાને પ્રગટ કરે છે. સિદ્ધ દશામાં આયુકર્મ અને તેના કારણભૂત શરીરનો અભાવ હોવાથી આત્માનો અવગાહનત્વગુણ પ્રગટે છે. અવગાહનત્વ ગુણ પ્રગટતા સિદ્ધ ભગવાન પરસ્પર અવગાહન આપે છે. અવગાહનત્વ ગુણ સિદ્ધ ભગવાનનો છઠ્ઠો મહાગુણ છે.

### ૭. અગુરુલઘુત્વ

**આત્માના ઉચ્ચ-નીચ વગરના એકસરખા અગુરુલઘુત્વ સ્વભાવને આવરનારા ગોત્રકર્મના સંપૂર્ણ નાશથી ઉત્પન્ન થતા આત્માના ગુણને અગુરુલઘુત્વ કહે છે.**

બધાં આત્માઓ પોતાના સ્વભાવથી એક સરખા શુદ્ધ અને મહાન છે. સ્વભાવથી તેઓમાં કોઇ ઉચ્ચ-નીચપણું કે ગુરુ-લઘુપણું નથી. તેથી તેઓ અગુરુલઘુત્વ સ્વભાવવાળા કે ગુણવાળા છે. તોપણ સંસારદશામાં ગોત્રકર્મના ઉદયના કારણે આત્માનો અગુરુલઘુત્વગુણ અવરાઇ જાય છે. ગોત્રકર્મના કારણે સંસારી આત્માની અવસ્થામાં આનુવંશિક સંસ્કારાધીન ઉચ્ચ કે નીચ જાતિ હોય છે. ઉચ્ચ ગોત્રના ઉદયથી તે ઉચ્ચ જાતિનો અને નીચ ગોત્રના ઉદયથી તે નીચ જાતિનો કહેવાય છે. અને તેથી આત્માનો ઉચ્ચ કે નીચપણા રહિતનો અગુરુલઘુત્વગુણ ઢંકાઇ જાય છે.

અયોગીકેવળીની અંતિમ અવસ્થામાં ગોત્રકર્મનો પણ સમૂળગો નાશ થતાં આત્માની ઉચ્ચ-નીચ ગોત્ર રહિત સિદ્ધ દશા પ્રગટે છે. સિદ્ધ દશામાં બધાં આત્માઓ એક સરખા શુદ્ધ સ્વભાવે લોકાગ્રે સિદ્ધશિલા ઉપર બિરાજે છે. બધાં સિદ્ધ ભગવંતો લોકના અગ્રભાગે એકસરખી સપાટીએ સ્થિત રહે છે અને તેમાં કોઇ ઉચ્ચતા-નીચતા કે ગુરુતા-લઘુતા હોતી નથી. જે તેમનું અગુરુલઘુત્વપણું સૂચવે છે. અગુરુલઘુ નામનો આત્માનો અનુજીવી ગુણ પણ છે. પણ અહીંયા તેની વાત નથી. ગોત્રકર્મના અભાવે ઉત્પન્ન થતા અગુરુલઘુ નામના પ્રતિજીવી ગુણની વાત છે. આ અગુરુલઘુત્વ એ સિદ્ધ ભગવાનનો સાતમો મહાગુણ છે.

### ૮. અવ્યાબાધત્વ

**આત્માના અનંતગુણોના અવ્યાબાધ ભોગવટામાં બાધા કરનાર વેદનીયકર્મના સંપૂર્ણ સંહારથી ઉત્પન્ન થતા આત્માના ગુણને અવ્યાબાધત્વ કહે છે.**

આત્મા પોતાના સ્વભાવથી પોતાના સુખાદિ અનંતગુણોને કોઇપણ પ્રકારની બાધા વગર પરિપૂર્ણપણે ભોગવી શકે તેવો અવ્યાબાધત્વ ગુણવાળો છે. અરિહંત ભગવાનને આત્માના સુખાદિ અનંતગુણોની અપરિમિત પરિપૂર્ણ પ્રગટતા હોય છે. તોપણ જ્યાં સુધી વેદનીયકર્મનો ઉદય હોય છે ત્યાં સુધી તેનો ભોગવટો અવ્યાબાધપણે હોતો નથી. વેદનીયકર્મની શાતા કે અશાતા પ્રકૃતિના ઉદયના કારણે મળતાં સાનુકૂળ કે પ્રતિકૂળ સંયોગો આત્માના સુખાદિ ગુણોના અવ્યાબાધ ભોગવટામાં બાધા પહોંચાડે છે. તેથી વેદનીયકર્મના અભાવથી આત્માનો અવ્યાબાધત્વ ગુણ પ્રગટે છે.

અરિહંત ભગવાન અયોગીદશા ધારણ કરીને શુક્લ ધ્યાનના ચોથા પાયા પર આરૂઢ થઇને વેદનીય કર્મનો પણ અંત આણે છે ત્યારે પ્રગટતી સિદ્ધ દશામાં આત્માનો અવ્યાબાધત્વ ગુણ પ્રગટે છે. અવ્યાબાધત્વ ગુણના કારણે સિદ્ધ ભગવાન પોતાના અનંતાનંત ગુણોના અનંત સામર્થ્યને કોઇ પણ પ્રકારની બાધા વગર પરિપૂર્ણપણે ભોગવે છે. આ અવ્યાબાધત્વ ગુણ એ સિદ્ધ ભગવાનનો આઠમો અને અંતિમ મહાગુણ છે.

### સિદ્ધના અભાવરૂપ છ આત્યંતિક ગુણો


**अकसायत्तमवेदत्तमकारकादा विदेहदा चेव ।**
**अचलत्तमलेवत्तं च हुंति अच्चंतियाइं से ।।**

ભાવાર્થ : ૧. અકષાયત્વ, ૨. અવેદકત્વ, ૩. અકારકત્વ, ૪. અદેહત્વ, ૫. અચલત્વ અને ૬. અલેપત્વ એ સિદ્ધના છ આત્યંતિક ગુણ કહેવાય છે.

(ભગવતી આરાધના : ગાથા ૨૧૫૧)

સંસારી જીવને સાંસારિક સુખ-દુઃખ, પીડા-બાધા, જન્મ-મરણ, કર્મ-નોકર્મ, મોહ-નિદ્રા, ભય-વિસ્મય, ઉપસર્ગ-પરિષહ જેવા અનેક પ્રકારના અવગુણો કે દોષો હોય છે જેના કારણે સંસારી જીવ અનેક પ્રકારે આકુળતા અને ખેદ અનુભવે છે. સંસારી જીવના આવા અનેક પ્રકારના અવગુણો કે દોષોનો સિદ્ધ ભગવાનમાં સદંતર અભાવ હોય છે. જેને સિદ્ધ ભગવાનના અભાવરૂપ ગુણો કહેવાય છે.

જેમ સિદ્ધ ભગવાનના સદ્ભાવરૂપ ગુણો અનંત છે પણ તેના આઠ મહાગુણોમાં તે બધાંનો સમાવેશ થઇ જાય છે. તેમ સિદ્ધ ભગવાનના અભાવરૂપ ગુણો અનંત છે પણ તેના અભાવરૂપ છ આત્યંતિક ગુણોમાં તે બધાંનો સમાવેશ થઇ જાય છે.




આખરી કે છેવટના ગુણોને આત્યંતિક ગુણો કહે છે. સિદ્ધ ભગવાનના અભાવરૂપ છ આત્યંતિક ગુણો આ પ્રમાણે છે—

૧. અકષાયત્વ ૨. અવેદકત્વ ૩. અકારકત્વ
૪. અદેહત્વ ૫. અચલત્વ
૬. અલેપત્વ

ઉપરોક્ત દરેક ગુણની વ્યાખ્યા અને તેની સમજુતી આ નીચે આપવામાં આવે છે.

### ૧. અકષાયત્વ

**ક્રોધ, માન, માયા, લોભ જેવા કષાયના સંપૂર્ણ અભાવથી ઉત્પન્ન થતા આત્માના ગુણને અકષાયત્વ કહે છે.**

સંસારી અજ્ઞાની જીવ કોઇ ને કોઇ પ્રકારના કષાય સહિતનો જોવા મળે છે. સંસારનો અભાવ થઇ સિદ્ધ દશા પ્રગટતા કષાયનો સમૂળગો અભાવ થઇ આત્માનો અકષાયી સ્વભાવ પ્રગટ થાય છે. જેને સિદ્ધ ભગવાનનો અકષાયત્વ ગુણ કહે છે.

સિદ્ધ ભગવાનના અકષાયત્વ નામના અભાવરૂપ આત્યંતિક ગુણમાં નિર્ભય, નિર્ગ્રંથ, નીરાગ, નિઃશલ્ય, નિઃક્રોધ, નિર્માન, નિર્માયા, નિર્લોભ, નિર્મદ, નિરૂપરાગ જેવા બીજા અનેક અભાવરૂપ ગુણો અંતર્ગત છે.

### ૨. અવેદકત્વ

**પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદના આત્યંતિક અભાવથી પ્રગટ થતા આત્માના ગુણને અવેદકત્વ કહે છે.**

સંસારી જીવ પોતાના શરીરનું પુંલ્લિંગ, સ્ત્રીલિંગ કે નપુંસકલિંગ ધરાવનારો દ્રવ્યવેદી હોય છે. સંસારી જીવને સ્ત્રી સાથે રમવાની ભાવનારૂપ પુરુષવેદ, પુરુષ સાથે રમવાની ભાવનારૂપ સ્ત્રીવેદ કે સ્ત્રી-પુરુષ બન્ને સાથે રમવાની ભાવનારૂપ નપુંસકવેદરૂપ ભાવવેદ પણ હોય છે. સંસારનો અભાવ થઇ સિદ્ધ દશા પ્રગટતા બધાં જ પ્રકારના દ્રવ્ય-ભાવવેદનો અભાવ થઇ અવેદીસ્વરૂપ આત્મસ્વભાવ પ્રગટ થાય છે. જેને સિદ્ધ ભગવાનનો અવેદકત્વ ગુણ કહે છે.

સિદ્ધ ભગવાનના અવેદકત્વ નામના અભાવરૂપ આત્યંતિક ગુણમાં નિર્વેદ, નિરિન્દ્રિય, નિષ્કામ જેવા બીજા અનેક અભાવરૂપ ગુણો આવી જાય છે.

### ૩. અકારકત્વ

**પોતાનું કે પારકાનું કોઈ પણ પ્રકારનું કોઈ પણ કાર્ય કરવાની ભાવનાથી રહિતપણાથી પ્રગટતા આત્માના ગુણને અકારકત્વ કહે છે.**

સંસારી જીવને પોતાનું કોઇ ને કોઇ કાર્ય કરવાનું કાયમ માટે બાકી જ હોય છે. વળી તે રાગ-દ્વેષના કારણે પરનું પણ કાંઇ ભલું-બૂરું કાર્ય કરવાની ભાવના ધરાવે છે. સંસાર દશાનો અભાવ થઇ સિદ્ધ દશા પ્રગટતા પોતે પરમ કૃતકૃત્ય થતાં પોતાનું સઘળું કાર્ય સંપન્ન થાય છે. તેથી પોતાનું કોઇ કાર્ય કરવાની ભાવના સંભવતી નથી. વળી સિદ્ધ દશામાં રાગ-દ્વેષનો તદ્દન અભાવ હોવાથી પરનું પણ કાર્ય કરવાની ભાવના હોતી નથી. તેથી સિદ્ધ દશામાં સ્વ-પરનું કોઇ કાર્ય કરવાની ભાવનાથી રહિત આત્માનો અકારક સ્વભાવ પ્રગટ થાય છે. જેને સિદ્ધ ભગવાનનો અકારકત્વ ગુણ કહે છે.

સિદ્ધ ભગવાનના અકારકત્વ નામના અભાવરૂપ આત્યંતિક ગુણમાં અમૂઢત્વ, અકર્તૃત્વ જેવા બીજા અભાવરૂપ ગુણો પણ સમાઇ જાય છે.


### ૪. અદેહત્વ.

**ઔદારિક, વૈક્રિયિક, આહારક, કાર્માણ અને તૈજસ એવા પાંચ પ્રકારના શરીર પૈકી કોઇ પણ પ્રકારના શરીર વગરની આત્માની અશરીરી**

**અવસ્થાને તેનો અદેહત્વ ગુણ કહે છે.**

સંસારની ચાર ગતિમાં પરિભ્રમણ કરતો સંસારી જીવ નામકર્મના કારણે કોઇ ને કોઇ પ્રકારના શરીર સહિતનો હોય છે. "ભવાંતર સમયની" વિગ્રહગતિમાં પણ તે શરીર વગરનો હોતો નથી. તે સમયે કાર્માણ અને તૈજસ શરીર સાથે જ હોય છે. સંસારનો અભાવ થઇ સિદ્ધ દશા પ્રગટતા શરીરના બંધનમાંથી ચૈતન્યગોળો છૂટો પડી અશરીરી અવસ્થા પ્રાપ્ત કરે છે. ત્યારે માત્ર જ્ઞાનશરીરી સિદ્ધ ભગવાનને કોઇપણ પૌદ્ગલિક શરીરનો અભાવ હોય છે. આ રીતે સિદ્ધ દશામાં અદેહી આત્મસ્વભાવની પ્રગટતા હોય છે, જેને સિદ્ધ ભગવાનનો અદેહત્વ ગુણ કહે છે.

સિદ્ધ ભગવાનને શરીરનો અભાવ થતા શરીરાશ્રિત અનેક દોષો અને અવગુણોનો પણ અભાવ થાય છે. તેથી સિદ્ધ ભગવાનના અદેહત્વ નામના અભાવરૂપ આત્યંતિક ગુણમાં નિર્દોષ, નિર્ગતિ, નિર્યોગ, નિર્નામ, નિર્ગોત્ર, નિરાયુષ્ય, નિરાહાર, નિઃશ્વાસોચ્છ્વાસ, નિર્ભાષા, નિર્મન, નિષ્પરિગ્રહ, નિષ્પ્રાણ, નીરસ, નિર્ગંધ, નિઃસ્પર્શ, નિઃશબ્દ, નિઃપર્યાપ્તિ, નિઃસંહનન, નિઃસંસ્થાન જેવા બીજા અનેક અભાવરૂપ ગુણો સમાઇ જાય છે.



**૫. અચલત્વ**

**સ્વરૂપની અસ્થિરતા, મન-વચન-કાયાના યોગે થતું આત્મપ્રદેશોનું પરિસ્પંદન અને ગમનાગમનની ક્રિયાનો અત્યંત અભાવ થતા પ્રગટતી આત્માની નિશ્ચલ દશાને તેનો અચલત્વ ગુણ કહે છે.**

સંસારી જીવને સવિકલ્પદશાના કારણે સ્વરૂપની અસ્થિરતા હોય છે. મન-વચન-કાયાના યોગે થતું આત્મપ્રદેશોનું પરિસ્પંદન કે કંપન હોય છે અને એક સ્થળેથી બીજા સ્થળે જવારૂપ ગમનાગમનની ક્રિયા પણ હોય છે. આ બધાંના કારણે સંસારી જીવ સતતપણે અસ્થિર હોય છે. સંસારદશાનો અભાવ થઇ સિદ્ધ દશા પ્રગટતા સ્વરૂપની સંપૂર્ણ સ્થિરતા, અશરીરી અયોગીદશા અને ગમનાગમનથી રહિતપણારૂપ અચલસ્વભાવી આત્માની નિશ્ચલ અવસ્થા પ્રગટે છે. જેને સિદ્ધ ભગવાનનો અચલત્વ ગુણ કહે છે. અચલત્વ ગુણ ધરાવતા સિદ્ધ ભગવાન લોકાગ્રે સ્થિત રહે છે.

સિદ્ધ ભગવાનના અચલત્વ નામના અભાવરૂપ આત્યંતિક ગુણમાં નિર્વિકલ્પ, નિર્યોગ અને નિર્ગમન જેવા બીજા અભાવરૂપ ગુણો પણ સમાવેશ પામે છે.

**૬. અલેપત્વ**

**કર્મમળથી તદ્દન અલિપ્તપણાના કારણે થતી આત્માની નિર્લેપદશાને તેનો અલેપત્વ ગુણ કહે છે.**

સંસારી જીવ દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ જેવા કર્મમળથી સદાય લિપ્ત હોય છે. સંસાર દશાનો અભાવ થઇ સિદ્ધ દશા પ્રગટતા સર્વપ્રકારના કર્મમળથી મુકત આત્માનો અલિપ્ત સ્વભાવ પ્રગટ થાય છે. જેને સિદ્ધ ભગવાનનો અલેપત્વ ગુણ કહે છે.

સિદ્ધ ભગવાનના અલેપત્વ નામના અભાવરૂપ આત્યંતિક ગુણમાં નિર્દ્વંદ, નિર્દ્વંદ, નિર્મમ, નિરાલંબ, નિરંજન, નિરૂપાધિક જેવા બીજા અભાવરૂપ ગુણો પણ સમાસ પામે છે.

## ઉપસંહાર

જગતમાં સર્વોત્કૃષ્ટ, સર્વોત્તમ, સર્વોપરી સિદ્ધ ભગવાન અનંતાનંત ગુણોના સ્વામી છે.

સિદ્ધ ભગવાનના અનેક નામો તેના અનેક ગુણોને બતાવે છે. સિદ્ધ ભગવાનના અનેક સહ્ભાવરૂપ ગુણો તેના આઠ મહાગુણોમાં સમાવેશ પામે છે. અને સિદ્ધ ભગવાનના અનેક અભાવરૂપ ગુણો તેના અભાવરૂપ છ આત્યંતિક ગુણોમાં સમાવેશ પામે છે.

ત્રિકાળ શુદ્ધ સ્વભાવની અપેક્ષાએ સર્વ સંસારી આત્માઓ અને સિદ્ધ ભગવાન એક સરખા જ છે. અત્યારના સિદ્ધ ભગવાન પૂર્વે આપણા જેવાં જ સંસારી હતા. પણ તેમણે પોતાના ત્રિકાળ શુદ્ધ સ્વભાવને સમજી, સ્વીકારીને તેનો આશ્રય કરવાથી તે ત્રિકાળ શુદ્ધ સ્વભાવ જેવી જ શુદ્ધ અવસ્થા પ્રગટ કરી છે જેને સિદ્ધ દશા કહે છે. તેથી સિદ્ધ દશા એ પોતાના આત્મસ્વભાવનું વાસ્તવિક સ્વરૂપ દર્શાવતા એક દર્પણ સમાન છે. સિદ્ધ ભગવાનના ગુણોને ઓળખીને તેના જેવાં જ પોતાના ગુણોનો સ્વીકાર અને આશ્રય કરવાથી પોતે પણ સંસારદશા ટાળી અનંતગુણોના નિધાનરૂપ સિદ્ધ દશા પ્રગટ કરી શકે છે. તેથી સિદ્ધ ભગવાનના ગુણો દ્વારા તેના જેવા પોતાના ગુણોનું જ્ઞાન-શ્રદ્ધાન કરી તે ગુણોના આધારભૂત પોતાના ત્રિકાળ શુદ્ધ સ્વભાવનો આશ્રય કરી સિદ્ધ દશા તરફના મોક્ષના માર્ગમાં પ્રવેશ પામવો એ જ પોતાનું કર્તવ્ય છે. આચાર્યશ્રી કુંદકુંદના શબ્દોમાં—

(હરિગીત)

જેવા જીવો છે સિદ્ધિગત તેવા જીવો સંસારી છે,
જેથી જનમ મરણાદિહીન ને અષ્ટગુણ સંયુક્ત છે.

ભાવાર્થ : ત્રિકાળ શુદ્ધ સ્વભાવની અપેક્ષાએ જેવા સિદ્ધ પરમાત્મા છે તેવા જ સંસારી જીવો છે. તેથી ત્રિકાળ સામાન્ય સ્વભાવની અપેક્ષાએ સંસારી જીવો પણ સિદ્ધ ભગવાનની જેમ જન્મ-જરા-મરણથી રહિત અને આઠ પ્રકારના મહાગુણોથી અલંકૃત છે.



સિદ્ધ ભગવાનના ગુણો દ્વારા સિદ્ધ ભગવાન જેવા પોતાના ગુણોને ઓળખવાથી તે ગુણોની પ્રગટતા થાય છે.
(નિયમસાર: ગાથા ૪૭)

## ટિપ્પણી

૧. અવ્યાબાધ : બાધા વગરનું. •૨. ગર્ભિત : જેના ગર્ભમાં કે ઊંડાણમાં સમાવેશ પામતી અન્ય ચીજ કે ભાવ. •૩. નિકેતન : સ્થાન, રહેઠાણ. •૪. અવિભાગ પરિચ્છેદ : જેનો બીજો વિભાગ ન થઈ શકે તેવા ગુણના સામર્થ્યના નાનામાં નાનો ભાગ; ગુણાંશ. •૫. યુગપદ્ : એકીસાથે. •૬. હસ્તામલકવત્ : હથેળીમાં આમળા સમાન પ્રત્યક્ષ, સાક્ષાત્. •૭. ક્ષપકશ્રેણીનું આરોહણ : ચારિત્રમોહનીય કર્મનો સર્વથા ક્ષય કરે કે ક્ષય કરનારી ગુણસ્થાનની હારમાળાનું ચઢાણ. ક્ષપકશ્રેણીનું આરોહણ કરનારો જીવ સાતમા ગુણસ્થાનથી ક્યાંય પણ અટક્યા વિના તેરમા ગુણસ્થાને પહોંચી સંપૂર્ણ ઘાતિકર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પ્રગટાવનારો હોય છે.
•૮. પરાભવ : પરાજય, હાર. •૯. ભવાંતર : એક ભવમાંથી બીજા ભવનો પલટો. •૧૦. વિગ્રહગતિ : એક શરીરને છોડીને બીજા શરીરને પ્રાપ્ત કરવા માટેના જીવના ગમનને વિગ્રહગતિ કહે છે. વિગ્રહગતિનો કાળ એકથી ત્રણ સમયનો હોય છે.

## સંદર્ભ સાહિત્ય


પ્રાસ્તાવિક ૧. નિયમસાર : ગાથા ૪૭; •૨. બૃહદ્દ્રવ્ય સંગ્રહ : ગાથા ૧૪ ની ટીકા.
સિદ્ધના આઠ મહાગુણો ૧. વસુનંદી શ્રાવકાચાર : ગાથા ૫૩૭, ૫૩૯; •૨. બૃહદ્દ્રવ્ય સંગ્રહ : ગાથા ૧૪ની ટીકા; પાનું ૪૦; •૩. પરમાત્મપ્રકાશ : અધ્યાય ૧ : ગાથા ૬૧ની ટીકા; •૪. પંચાધ્યાયી : ઉત્તરાર્ધ : ગાથા ૬૧૭-૬૧૮; •૫. પ્રાકૃત સિદ્ધભક્તિ : ગા. ૮; •૬. જૈ.સિ.કોશ : ભાગ ૪ : ગોશ ૩/૧, પાનું ૪૨૯; ધવિ : ૧/૨, પાનું ૪૧૧-૪૧૨; •૭. તત્ત્વાર્થસાર : અધ્યાય ૮, ગાથા ૩૮, પાનું ૪૦૯; •૮. સમયસાર : આત્મખ્યાતિ : પરિશિષ્ટ : ૪૭ શક્તિઓ; •૯. ધવલા : ૭/૨, ૧,૭/ ગાથા ૪-૧૧/ ૧૪, ૧૫ની આસપાસ; ૧,૧,૭, ૧/૧૯૧/૯; ૧/૧,૧,૧/ગાથા ૫૮/૨૮; •૧૦. તત્ત્વાર્થસૂત્ર : અધ્યાય ૨, સૂત્ર ૪ અને તેની ટીકા; •૧૧. ધર્મવિચાર : ગાથા ૧૨૬; •૧૨. જંબૂદ્વીપ, પ્રજ્ઞપ્તિ : ૧૩/૧૨૧ થી ૧૨૫; •૧૩. ગોમ્મટસાર : ગાથા ૬૮ની ટીકા; •૧૪. શ્રીમદ્ રાજચંદ્ર : પત્રાંક ૯૫; •૧૫. બહેનશ્રીનાં વચનામૃત : નં. ૪૧૩, ૪૦૧; •૧૬. ગુરુદેવશ્રીનાં વચનામૃત : નં. ૩૫; •૧૭. પં. ટોડરમલજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠી.
સિદ્ધના અભાવરૂપ છ અલૌકિક ગુણો ૧. ભગવતી આરાધના : ગાથા ૨૧૫૭, ૨૧૫૯; •૨. ધવલા : ૧૩/૫, ૪,૨૬/ગાથા ૨૧/૭૦; •૩. જૈ.સિ.કોશ ભાગ ૪ : ગોશ ૩/૨, પાનું ૪૨૯; •૪. નિયમસાર : ગાથા ૭૨, ૭૪, ૭૫, ૭૬, ૧૭૨, ૧૮૦, ૧૮૧ અને તેની ટીકા; •૫. બૃહદ્ દ્રવ્યસંગ્રહ : ગાથા ૧૪ની ટીકા.
ઉપસંહાર ૧. સમાધિતંત્ર : ગાથા ૬ ની ટીકા; •૨. નિયમસાર : ગાથા ૪૭.


## હેતુલક્ષી પ્રશ્નો

**યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં☐ચોરસમાં દર્શાવો.**

**૧. સિદ્ધ ભગવાનની કઈ બાબત અનેક ગુણોને બતાવનારી છે ?** ૧.☐
A. આઠ મહાગુણો B. અનંત ચતુષ્ટય
C. પાંચ ક્ષાયિક લબ્ધિ D. નવ કેવળલબ્ધિ

**૨. સિદ્ધભગવાનના ભિન્ન ભિન્ન અનેક નામો શું દર્શાવે છે ?** ૨.☐
A. અનેક પ્રકારો B. અનેક ગુણો
C. અનેક માન્યતાઓ D. અનેક સ્વરૂપ

**૩. શા માટે સિદ્ધ ભગવાન પરમેશ્વર કહેવાય છે ?** ૩☐
A. સંપૂર્ણ સામર્થ્યના ધારક એવા સર્વના સ્વામી હોવાથી
B. અનંત ગુણોરૂપી ઐશ્વર્યથી ઉત્કૃષ્ટ હોવાથી
C. અન્ય અનેક પ્રકારના ઈશ્વરમાં સર્વોત્તમ હોવાથી
D. જગતના કર્તા-હર્તા હોવાથી

**૪. સિદ્ધભગવાનનું એક નામ વૃષભ છે, ત્યાં વૃષભ એટલે શું ?** ૪.☐
A. ઉત્તમ B. બળદ
C. ધર્મથી સુશોભિત D. પ્રથમ તીર્થંકર

**૫. એક આત્માના કે સિદ્ધ ભગવાનના ગુણો કોનાથી અનંતગણા છે ?** ૫.☐
A. સંસારી જીવો કરતાંય અનંતગણા છે
B. પુદ્ગલના પરમાણુઓ કરતાંય અનંતગણા
C. ત્રણ કાળના સમયો કરતાં અનંતગણા છે
D. આકાશના પ્રદેશો કરતાંય અનંતગણા છે

**૬. સિદ્ધ ભગવાનના પરમ ક્ષાયિક સમ્યક્ત્વાદિ આઠ ગુણોને આઠ મહાગુણો શા માટે કહે છે ?** ૬.☐
A. ભગવાનની મહાનતાના કારણે તેનાં ગુણો પણ મહાન
B. એકએકગુણમાં અન્યઅનેકગુણો સમાઈ જતા હોવાથી
C. આઠ કર્મોના અભાવથી આઠ ગુણો પ્રગટતા હોવાથી
D. આઠગુણોમાં અન્ય અનેક ગુણો સમાઈ જતા હોવાથી

**૭. સિદ્ધ ભગવાનના એક પરમ ક્ષાયિક સમ્યક્ત્વ મહાગુણમાં કયા ગુણો સમાવેશ પામતા નથી ?** ૭.☐
A. સઘળાં અનુજીવી ગુણો B. સઘળાં પ્રતિજીવી ગુણો
C. અભાવરૂપ અનંતગુણો D. સદ્ભાવરૂપ અનંતગુણો

**૮. સિદ્ધ ભગવાનના બીજા નંબરના મહાગુણમાં કોનો સમાવેશ નથી ?** ૮.☐
A. અનંતજ્ઞાન B. અનંતદર્શન
C. સર્વદર્શી D. કેવળજ્ઞાન

**૯. જ્ઞાન અને દર્શન વારાફરતી અને ક્રમવર્તી કોને હોય છે ?** ૯.☐
A. સિદ્ધ ભગવાનને B. સાધક છદ્મસ્થજીવને
C. અયોગી કેવળીને D. અરિહંત ભગવાનને

**૧૦. આત્માના વીર્યગુણને શું ન કહેવાય ?** ૧૦.☐
A. આત્માનું પુરુષત્વ B. આત્માનું બળ
C. આત્માનો પુરુષાર્થ D. આત્માનું સામર્થ્ય

**૧૧. આત્માના સૂક્ષ્મત્વ ગુણને આવરનાર કર્મ કયું ?** ૧૧. ☐
A. નામકર્મ B. વેદનીયકર્મ
C. અંતરાયકર્મ D. આયુકર્મ

**૧૨. કયો પદાર્થ કાયમ સૂક્ષ્મ જ હોય છે ?** ૧૨. ☐
A. મૂર્ત પદાર્થ B. અમૂર્ત પદાર્થ
C. પુદ્ગલનો પરમાણું D. કેવળજ્ઞાનગમ્ય પદાર્થ

**૧૩. અવગાહનત્વ મહાગુણના કારણે સિદ્ધ ભગવાનમાં શું સંભવે છે ?** ૧૩. ☐
A. લોકનાસમસ્તપદાર્થોને અવગાહન આપી શકે છે
B. સિદ્ધભગવાન એક બીજાને અવગાહન આપી શકેછે
C. લોકાગ્રેસિદ્ધશિલા ઉપર અવગાહના પામી શકે છે
D.સિદ્ધ ભગવાન હોય ત્યાં જગતના છયે દ્રવ્યો અવગાહના પામી શકે છે

**૧૪. સિદ્ધ ભગવાનનો અગુરુલઘુત્વ નામનો મહાગુણ એ કયા પ્રકારનો ગુણ છે ?** ૧૪. ☐
A. અભાવરૂપ ગુણ B. સાધારણ ગુણ
C. પ્રતિજીવી ગુણ D. અનુજીવી ગુણ

**૧૫. બધાં સિદ્ધ ભગવંતોમાં ઉચ્ચ-નીચ રહિત એક સરખાપણું કયા કારણે છે ?** ૧૫. ☐
A. શરીરરહિતપણાના કારણે
B. અગુરુલઘુ નામના અનુજીવી ગુણના કારણે
C. લોકાગ્રે એક સરખી સપાટીએ સ્થિતિના કારણે
D. ગોત્રકર્મના અભાવના કારણે

**૧૬. આત્માના અનંતસુખાદિ ગુણોના અવ્યાબાધ ભોગવટામાં બાધા કરનાર કર્મ કયું ?** ૧૬. ☐
A. મોહનીયકર્મ B. આયુકર્મ
C. અંતરાયકર્મ D. વેદનીયકર્મ

**૧૭. સિદ્ધ ભગવાનના છ પ્રકારના આત્યંતિક ગુણો કઈ રીતે અભાવરૂપ છે ?** ૧૭. ☐
A. અઘાતિકર્મોના અભાવરૂપ
B. ઘાતિકર્મોના અભાવરૂપ
C. સંસારીજીવના અવગુણો કે દોષોના અભાવરૂપ
D. અન્ય પદાર્થોના વિશેષ ગુણોના અભાવરૂપ

**૧૮. સિદ્ધ ભગવાનના અભાવરૂપ છ આત્યંતિક ગુણોમાં કોનો સમાવેશ નથી ?** ૧૮. ☐
A. અકારકત્વ B. અમૂઢત્વ
C. અદેહત્વ D. અચલત્વ

**૧૯. સિદ્ધ ભગવાનના અકષાયત્વ નામના આત્યંતિક ગુણમાં કયા ગુણનો સમાવેશ છે ?** ૧૯. ☐
A. નિરાહાર B. નિઃશલ્ય C. નિર્ગમન D. નિર્વેદ

**૨૦. નપુંસકવેદરૂપ ભાવવેદ એટલે શું ?** ૨૦. ☐
A. સ્ત્રી–પુરુષ બન્ને સાથે રમવાની ભાવના
B. સ્ત્રી સાથે રમવાની ભાવના
C. પુરુષ સાથે રમવાની ભાવના
D. કોઈની પણ સાથે નહિ રમવાની ભાવના

**૨૧. સિદ્ધ ભગવાનનો દ્રવ્યવેદ કયા પ્રકારનો હોય છે ?** ૨૧. ☐
A. અવેદી B. પુરુષ વેદી C. સ્ત્રી વેદી D. નપુંસક વેદી

**૨૨. સિદ્ધ ભગવાનને કયું કામ કરવાની ભાવના હોય છે ?** ૨૨. ☐
A. સ્વસ્વરૂપની લીનતાની ભાવના હોય છે
B. કોઇ પણ પ્રકારની ભાવના હોતી નથી
C. જગતનું કલ્યાણ કરવાની ભાવના હોય છે
D. આત્મિક સુખમાં તરબોળ રહેવાની ભાવના હોય છે

**૨૩. સિદ્ધ ભગવાનના અકારકત્વ નામના આત્યંતિક ગુણનું કારણ શું ?** ૨૩. ☐
A. પરમ સુખ અને પરમ તૃપ્તિ
B. પરમ કૃતકૃત્યદશા અને રાગદ્વેષનો અભાવ
C. શરીર અને મનનો અભાવ
D. સાંસારિક સુખ અને દુઃખનો અભાવ

**૨૪. સિદ્ધ ભગવાનને કયું શરીર હોય છે ?** ૨૪. ☐
A. તૈજસ શરીર
B. પરમ ઔદારિક શરીર
C. જ્ઞાન શરીર
D. ઉપર પૈકી કોઇપણ પ્રકારનું શરીર હોતું નથી

**૨૫. સંસારી જીવને વિગ્રહગતિમાં કયા બે શરીર હોય છે ?** ૨૫. ☐
A. ઔદારિક અને કાર્માણ B. વૈક્રિયિક અને કાર્માણ
C. આહારક અને કાર્માણ D. તૈજસ અને કાર્માણ

**૨૬. સંસારી જીવને કયા પ્રકારનું ચલત્વ હોતું નથી ?** ૨૬. ☐
A. એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે ગમનાગમનરૂપ
B. મનવચનકાયાના યોગે થતું આત્મપ્રદેશોના કંપનરૂપ
C. સ્વરૂપની અસ્થિરતારૂપ ચલત્વ
D. શીઘ્રગતિથી થતું ઊર્ધ્વગમનરૂપ ચલત્વ

**૨૭. સિદ્ધ ભગવાનના અચલત્વ નામના આત્યંતિક ગુણ અંતર્ગત કયા ગુણનો સમાવેશ નથી ?** ૨૭. ☐
A. નિર્ગમન B. નિર્યોગ C. નિર્ગતિ D. નિર્વિકલ્પ

**૨૮. સંસારી જીવના લિપ્તપણાનું કારણ શું ?** ૨૮. ☐
A. કાર્માણવર્ગણા B. પરવિષયોની આસક્તિ
C. નોકર્મ D. દ્રવ્યકર્મ

**૨૯. કઈ અપેક્ષાએ સંસારી અને સિદ્ધ એક સમાન છે ?** ૨૯. ☐
A. સંસારી જીવ પણ ભવિષ્યમાં સિદ્ધ થશે તે અપેક્ષાએ
B. જીવના ત્રિકાળ શુદ્ધ દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ
C. પુરુષવેદી મનુષ્યની અપેક્ષાએ
D. સિદ્ધ ભગવાન પણ ભૂતકાળમાં સંસારી હતા તે અપેક્ષાએ

**૩૦. આપણું કર્તવ્ય શુ છે ?** ૩૦. ☐
A. સિદ્ધ ભગવાનના ગુણો દ્વારા તેના જેવા પોતાના ગુણોનું જ્ઞાન–શ્રદ્ધાન કરી તે ગુણોના આધારભૂત પોતાના ત્રિકાળ શુદ્ધ દ્રવ્યસ્ભાવનો આશ્રય કરવો તે
B. સિદ્ધચક્ર મંડલ વિધાન પૂજન દ્વારા સિદ્ધ ભગવાનની પૂજા–ભક્તિ કરવી તે
C. પોતાની અવસ્થાને સિદ્ધ સમાન જ સ્વીકારવી તે
D. સિદ્ધ ભગવાનનું ધ્યાન ધરવું તે

# સૈદ્ધાંતિક પ્રશ્નો

## નીચેના પ્રશ્નોના એક કે બે વાક્યોમાં ટૂંકા જવાબ આપો.

૧. મોક્ષપ્રાપ્ત પરમાત્મા શા માટે સિદ્ધ ભગવાન તરીકે પ્રસિદ્ધ છે ?
૨. સિદ્ધ ભગવાનનું લક્ષણ શું છે ?
૩. સાધુ પરમેષ્ઠિનું લક્ષણ શું છે ?
૪. આચાર્ય પરમેષ્ઠિનાં કેટલા ગુણો છે ?
૫. તીર્થંકર અરિહંતના કેટલા ગુણો હોય છે ?
૬. સિદ્ધ ભગવાનના મહાગુણો શા માટે આઠ પ્રકારના કહેવાય છે ?
૭. સિદ્ધ ભગવાન શા માટે અર્હંત કહેવાય છે ?
૮. સિદ્ધ ભગવાન કઈ રીતે વિષ્ણુ છે ?
૯. સિદ્ધ ભગવાન શા માટે હરિ છે ?
૧૦. સિદ્ધ ભગવાનના ભિન્નભિન્ન અનેક નામો કોના આધારે હોય છે ?
૧૧. સૌધર્મ ઈન્દ્ર જિનેન્દ્ર ભગવાનની કેટલા નામથી સ્તુતિ કરે છે ?
૧૨. આઠ કર્મોના અભાવથી પ્રગટતા થતા સિદ્ધ ભગવાનના આઠ ગુણોને મહાગુણો તરીકે શા માટે ઓળખવામાં આવે છે ?
૧૩. પરમ ક્ષાયિક સમ્યક્ત્વ ગુણ કોને કહે છે ?
૧૪. શા માટે મોહનીય કર્મ બળવાન છે ?
૧૫. મિથ્યાત્વ કોને કહે છે ?
૧૬. નિશ્ચય સમ્યક્ત્વ કોને કહે છે ?
૧૭. અનંતજ્ઞાન ગુણ કોને કહે છે?
૧૮. અરિહંત ભગવાનના અનંતજ્ઞાન અને સિદ્ધ ભગવાનના અનંતજ્ઞાનમાં શો ફેર છે ? કઈ રીતે ?
૧૯. કેવળજ્ઞાન, સર્વજ્ઞદશા અને અનંતજ્ઞાનમાં શો ફેર છે ?
૨૦. અનંતદર્શન ગુણ કોને કહે છે ?
૨૧. સાધકના છદ્મસ્થદશાના જ્ઞાન–દર્શન કેવા હોય છે ?
૨૨. અરિહંત ભગવાન અને સિદ્ધ ભગવાનના જ્ઞાન–દર્શન કેવા હોય છે ?
૨૩. અનંતવીર્ય ગુણ કોને કહે છે ?
૨૪. આત્માના વીર્યગુણને શું કહે છે ?
૨૫. અનંતવીર્ય ગુણના કારણે શું હોય છે ?
૨૬. અનુજીવી ગુણ કોને કહે છે ?
૨૭. પ્રતિજીવી ગુણ કોને કહે છે ?
૨૮. સૂક્ષ્મત્વ ગુણ કોને કહે છે ?
૨૯. આત્માના સ્થૂળત્વનું કારણ શું છે ?
૩૦. આત્માની સ્થૂળદશા કઈ રીતે દૂર થાય ?
૩૧. અવગાહનત્વ ગુણ કોને કહે છે ?
૩૨. આયુકર્મના કારણે આત્માનો કયો ગુણ અવરાઈ જાય છે ?
૩૩. અગુરુલઘુત્વ ગુણ કોને કહેછે ?
૩૪. સિદ્ધ ભગવાનના અગુરુલઘુત્વ ગુણના કારણે શું હોય છે ?
૩૫. અવ્યાબાધત્વ ગુણ કોને કહે છે ?
૩૬. વેદનીયકર્મના કારણે આત્માના કયા ગુણના ભોગવટામાં બાધા હોય છે?
૩૭. અભાવરૂપ ગુણ કોને કહે છે ?
૩૮. સિદ્ધ ભગવાનના અભાવરૂપ ગુણો કેટલા હોય છે ?
૩૯. આત્યંતિક ગુણ એટલે શું ?
૪૦. સિદ્ધ ભગવાનના અભાવરૂપ છ આત્યંતિક ગુણોના નામ આપો.
૪૧. સિદ્ધભગવાનના છ આત્યંતિક ગુણોમાં બીજા કયા ગુણોનો સમાવેશ છે ?
૪૨. અકષાયત્વ ગુણ કોને કહે છે ?
૪૩. અવેદકત્વ ગુણ કોને કહે છે ?
૪૪. દ્રવ્યવેદ કોને કહે છે ?
૪૫. ભાવવેદ કોને કહે છે ?
૪૬. અકારકત્વ ગુણ કોને કહે છે ?
૪૭. અદેહત્વગુણ કોને કહે છે ?
૪૮. અચલત્વ ગુણ કોને કહે છે ?
૪૯. અચલત્વ ગુણમાં બીજા કયા ગુણોનો સમાવેશ છે ?
૫૦. અલેપત્વ ગુણ કોને કહે છે ?
૫૧. સંસારી જીવ શેના વડે લિપ્ત હોય છે ?
૫૨. શુદ્ધ સ્વભાવની અપેક્ષાએ સંસારી જીવ અને સિદ્ધ ભગવાન કેવા છે ?
૫૩. અત્યારના સિદ્ધ ભગવાન પૂર્વે કેવા હતા ?
૫૪. સિદ્ધ દશા કઈ રીતે પ્રગટે ?

## નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.

૧. મોક્ષમાર્ગીમહાત્માઓએ પોતાના સ્વાનુભવના આધારે સિદ્ધ ભગવાનના ગુણોનું કથન કયા કયા પ્રકારે કર્યું છે તે જણાવો.
૨. સિદ્ધ ભગવાનના અનેક ગુણોના આધારે જે અનેક નામો છે તે પૈકી નમૂનારૂપ દશ નામો જણાવો.
૩. પરમબ્રહ્મ એટલે શું ? શા માટે સિદ્ધ ભગવાન પરમબ્રહ્મ છે ?
૪. પરમેશ્વર એટલે શું ? શા માટે સિદ્ધ ભગવાન પરમેશ્વર છે ?
૫. પરમેષ્ઠી એટલે શું ? શા માટે સિદ્ધ ભગવાન પરમેષ્ઠી છે ?
૬. પરમાત્મા એટલે શું ? શા માટે સિદ્ધ ભગવાન પરમાત્મા છે ?
૭. પ્રભુ એટલે શું ? શા માટે સિદ્ધ ભગવાન પ્રભુ છે?
૮. વિવિક્ત એટલે શું ? શા માટે સિદ્ધ ભગવાન વિવિક્ત છે ?
૯. વૃષભ એટલે શું ? શા માટે સિદ્ધ ભગવાન વૃષભ છે ?
૧૦. કેવલ એટલે શું ? શા માટે સિદ્ધ ભગવાન કેવલ છે ?
૧૧. શંભુ એટલે શું ? શા માટે સિદ્ધ ભગવાન શંભુ છે ?
૧૨. શ્રીમાન એટલે શું ? શા માટે સિદ્ધ ભગવાન શ્રીમાન છે ?
૧૩. ઉત્તરોત્તર અનંત હોય તેવી બાબત દર્શાવી અને તેમાં ટોચનું અનંત શું છે તે જણાવો.
૧૪. સિદ્ધ ભગવાનના મહાગુણોના નામ આપો અને કયા પ્રકારના કર્મના અભાવથી કયો મહાગુણ પ્રગટે છે તે જણાવો.
૧૫. સિદ્ધ ભગવાનના પરમ ક્ષાયિક સમ્યક્ત્વ ગુણ વિષેની માહિતી આપો.
૧૬. અચળ ક્ષાયિક સમ્યક્ત્વ એટલે શું ? તેના કારણે શું હોય છે ? અને તે કોને હોય છે ?
૧૭. અચળ ક્ષાયિક સમ્યક્ત્વ કઈ રીતે પરમ ક્ષાયિક સમ્યક્ત્વ નામ પામે છે ? પરમ ક્ષાયિક સમ્યક્ત્વ થતાં શો ફેર પડે છે ?
૧૮. શા માટે પરમ ક્ષાયિક સમ્યક્ત્વમાં આત્માના અનંત ગુણો સમાઈ જાય છે ?
૧૯. પાંચ ક્ષાયિક લબ્ધિ એટલે શું ? તે કોને હોય છે ?
૨૦. નવ કેવલલબ્ધિ એટલે શું ? તે કોને હોય છે ?
૨૧. સિદ્ધ ભગવાનનાં એક પરમ ક્ષાયિક સમ્યક્ત્વ નામનાં મહાગુણમાં બીજા કયા કયા ગુણો સમાવેશ પામે છે ?
૨૨. સિદ્ધ ભગવાનના અનંતજ્ઞાન નામના મહાગુણની માહિતી આપો.
૨૩. અનંતજ્ઞાનનું સ્વરૂપ સમજાવો.
૨૪. સિદ્ધ ભગવાનના અનંતદર્શન નામના મહાગુણની માહિતી આપો.
૨૫. સિદ્ધ ભગવાનના અનંતવીર્ય નામના । મહાગુણની માહિતી આપો.
૨૬. સિદ્ધ ભગવાનના સૂક્ષ્મત્વ નામના મહાગુણની માહિતી આપો.
૨૭. સિદ્ધ ભગવાનના અગુરુલઘુત્વ નામના મહાગુણની માહિતી આપો.
૨૮. સિદ્ધ ભગવાનના અવ્યાબાધત્વ નામના મહાગુણની માહિતી આપો.
૨૯. સંસારી જીવમાં કયા પ્રકારના અવગુણો કે દોષો હોય છે કે જે સિદ્ધ ભગવાનમાં હોતા નથી ?
૩૦. સિદ્ધ ભગવાનના અકષાયત્વ નામના આત્યંતિક ગુણની માહિતી આપો.
૩૧. સિદ્ધ ભગવાનના અવેદકત્વ નામના આત્યંતિક ગુણની માહિતી આપો.
૩૨. સિદ્ધ ભગવાનના અકારકત્વ નામના આત્યંતિક ગુણની માહિતી આપો.
૩૩. સિદ્ધ ભગવાનના અદેહત્વ નામના આત્યંતિક ગુણની માહિતી આપો.
૩૪. શરીરાશ્રિત કયા દોષો કે અવગુણો હોય છે કે જેનો સિદ્ધ ભગવાનમાં અભાવ હોય છે ?
૩૫. સિદ્ધ ભગવાનના અચલત્વ નામના આત્યંતિક ગુણની માહિતી આપો.
૩૬. સંસારી જીવમાં કયા ત્રણ પ્રકારે અસ્થિરતા હોય છે કે જે સિદ્ધ ભગવાનમાં હોતી નથી ?
૩૭. સિદ્ધ ભગવાનના અલેપત્વ ગુણ વિષે માહિતી આપો.
૩૮. સંસારદશાનો અભાવ કરી સિદ્ધ દશા કઈ રીતે પ્રગટી શકે ?
૩૯. આપણું કર્તવ્ય શું છે ?
૪૦. સંસારી જીવ અને સિદ્ધ ભગવાન કઈ રીતે કયા કયા પ્રકારે સમાન છે ?

## નીચેનાનો તફાવત દર્શાવો

૧. અચળ ક્ષાયિક સમ્યક્ત્વ અને પરમ ક્ષાયિક સમ્યક્ત્વ.
૨. સદ્ભાવરૂપ ગુણો અને અભાવરૂપ ગુણો.
૩. સિદ્ધ ભગવાનના આઠ મહાગુણો અને છ આત્યંતિક ગુણો.

## વિદ્યાર્થીઓની જુથપ્રવૃત્તિ

૧. પ્રકરણનો કોઈ એક મુદ્દો પસંદ કરી તેના ઉપર પ્રોજેક્ટ તૈયાર કરો.
૨. સિદ્ધ ભગવાનના આઠ મહાગુણોમાં સમાવેશ પામતા સદ્ભાવરૂપ ગુણોની યાદી બનાવો.
૩. સિદ્ધ ભગવાનના છ આત્યંતિક ગુણોમાં સમાવેશ પામતા અભાવરૂપ ગુણોની યાદી બનાવો.

## શિક્ષકની વિશેષ પ્રવૃત્તિ

૧. સમ્યક્ત્વ, ક્ષાયિક સમ્યક્ત્વ, અચળ ક્ષાયિક સમ્યક્ત્વ અને પરમ ક્ષાયિક સમ્યક્ત્વ વચ્ચેનું અંતર વિદ્યાર્થીઓને સમજાવો. અને એક સમ્યક્ત્વ ગુણ પ્રગટતા આત્માના અનંત ગુણોની યથાસંભવ આંશિક પ્રગટતા અને પરમ ક્ષાયિક સમ્યક્ત્વ ગુણમાં તેની પરિપૂર્ણ પ્રગટતા કઈ રીતે બને છે તે બાબત વિશદતાથી સમજાવો.